RCS/91/2013 JUDGEMENT

Registration No.: RCS/91/2013
Filing No.: RCS/91/2013
Filed On: 03/10/2013
Registered On : 03/10/2013

**IN THE CIVIL COURT AT PALANPUR**

**REGULAR CIVIL SUIT NO. 91 OF 2013.**

**Plaintiff**:

1. NIRUPABEN RAMESHWARDAYAL SAINI D/O MOHANLAL RAMRATAN SAINI.
   AT B/502,-503, MADHUSUDAN BUILDING, DEVNAR BAUG
   MUMBAI-88
   MUMBAI

2. SAINI DILIPBHAI MOHANLAL
   AT THAKKAR BUILDING, DHUNDHIYAVADI
   PALANPUR
   PALANPUR

**VERSUS**

**Defendant**:

1. GEETABEN W/ODEVANANDBHAI MOHANLAL SAINI
   AT BRIJESWAR COLONY, KANTHERIYA HANUMAN ROAD
   PALANPUR
   PALANPUR

2. CITY SARVEY SUPRITENDANT SHREE
   AT CITY SARVEY KACHERI
   PALANPUR
   PALANPUR

**Appearance:**
B.K.ACHARYA For Plaintiff 1, 2

No Advocate For Defendant

---

**JUDGEMENT**

**(૧) આંક–૫ ની મનાઈ અરજી તથા પ્રતિવાદીઓ તરફથી રજુ કરવામાં આવેલ આંક–૧૯, આંક–૨૩ અન આંક–૨૨ નાં જવાબો વંચાણે લીધો. રજુ થયેલા દસ્તાવેજો ધ્યાને લીધા. વાદીનાં વિ.વ. શ્રી.બી.કે.આચર્ય અને પ્રતિવાદી નં.૧ નાં વિ.વ.શ્રી.આર. એમ.મોઢ તથા સહ પ્રતિવાદી નં.૩, ૪નાં વિ.વ.શ્રી એસ.પી.મહેતાને સાંભળ્યા.**

**(૨) વાદીઓની આંક–૫ ની કામ ચલાઉ મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે. કે, આ કામનાં વાદીઓ ગુજરનાર મોહનલાલ રામરતનસીંગ સૈનીનાં વારસો છે. મોહનલાલ રામરતનસીંગ સૈની તા.૭/૪/૨૦૧૨ નાં રોજ પાલનપુર મુકામે ગુજરી ગયેલા છે. આ કામનાં વાદી નં.૧ મુંબઈ મુકામે તેમના પતિની સાથે રહે છે. અને વાદી નં.૧ નાં પિતા એટલે કે, મોહનલાલ રામરતનસીંગ સૈનીનું અવસાન ૨૦૦૫ નાં વર્ષમાં થયેલું હોઈ તેઓ હિન્દુ લો ના સુધારેલા કાયદા અનુસાર કાયદેસરનાં પ્રથમ શીડયુલનાં વારસ એટલે કે, કો–પાર્સનર છે. મોહનલાલ રામરતનસીંગ સૈની પાલનપુર મુકામે સ્થાવર મિલ્કત ધરાવતા હતાં. જેનો સી.સ.નં.૯૨,૯૩ પૈકી પ્લોટ નં.૧૭,૧૮ કુલ ૧૬૦૦ ચો.ફુટ જમીનમાં બાંધકામ કરવામાં આવેલું છે.**

**મોહનલાલ રામરતનસીંગ સૈની ગુજરી જતાં તેમની વારસાઈ નોંધ પાડવા માટે અરજી આપવામાં આવેલી હતી. તે અનુસાર વાદીઓ તથા દાવાના સહપ્રતિવાદીઓનાં નામે ચડાવવા માટે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૩૫(ડી) અનુસાર નોટીસ મોકલતાં પ્રતિવાદીઓએ વાંધો લીધેલો છે. અને તા.૨૮/૧/૨૦૦૬ નાં રોજ દાવાવાળી મિલ્કતનું વીલ કરેલું છે તેવી હકીકત જણાવી હાલની દાવાવાળી મિલ્કત મજીયારી કબજા ભોગવટાની મિલ્કત છે. વાદી અને સહપ્રતિવાદીઓનું ઉછેર આ સંયુકત મિલ્કતમાં થયેલો છે. વાદીએ તેમનાં પિતાની સારવાર પણ કરાવેલી છે અને તેમના પિતાની શારીરીક તથા માનસીક**

સ્થિતી પણ સારી ન હતી. અને માનસીક રીતે સ્વસ્થ પણ રહેતા ન હતાં. પ્રતિવાદીએ મોહનલાલ રામરતનસીંગ સૈની સારસંભાળ પણ રાખેલ નથી. મોહનલાલ રામરતનસીંગ સૈનીએ કોઈ વીલ કરેલુ ન હતું કે, કોઈ વીલ બનાવેલ ન હતું. દાવાવાળી મિલ્કતનું જે બાંધકામ કરવામાં આવેલ છે તે સંયુકત ધંધામાંથી કરવામાં આવેલું હતું આ વસીયતનામું ખોટી રીતે પાછળથી ઉભું કરવામાં આવેલું છે તેનું કોઈ પ્રોબેટ પણ લેવામાં આવેલ નથી. કહેવાતા વશીયતનામાની જાણ આ કામનાં વાદીને સી.સ. ઓફીસરે ૧૩૫(ડી) ની નોટીસ તા.૧૬/૮/૨૦૧૩ નાં રોજ નોંધ નં.૩૭૪૮ અંગેની પડતાં ખબર પડેલ છે. તેથી સી.સ. ઓફીસમાં કાયદેસરનાં વાંધા પણ નોંધાવેલા છે. વીલ જયારે વારસો ચેલેન્જ કરતા હોય ત્યારે પ્રોબેટ સિવાય વીલની કોઈ નોંધ પડી શકે નહી. દાવાવાળી મિલ્કત તેમનાં ભાઈઓની સંયુકત માલિકી છે. અને પ્રતિવાદી ખોટી રીતે નોંધ પડાવવાની કોશીષ કરતાં હોઈ હાલનો દાવો અને મનાઈ અરજી કરવાનું કારણ ઉભુ થયેલ છે. વીલમાં વાદીઓનાં પિતાની કોઈ સહી પણ નથી. તેથી વાદીઓ તરફથી હાલની દાવા અરજી અને મનાઈ અરજી દાખલ કરી, એવી દાદ માંગેલી છે કે, આ કામનાં પ્રતિવાદી નં.૧ દાવાવાળી મિલ્કત દાવો ચાલતા સુધી કોઈને તબદીલ કરે કરાવે નહી તેવો હંગામી મનાઈ હુકમ આપવા દાદ માં ગેલી છે.

(૩) આ કામે પ્રતિવાદીઓને દાવા જવાબ તથા મનાઈ અરજીની નોટીસની ધોરણસર બજવણી થઈ જતાં પ્રતિવાદી નં.૧ નાએ આંક–૨૨ થી વાદીની દાવા અરજી અને મનાઈ અરજીની કેટલીક અહીકતોનો ઈન્કાર કરેલો છે. પ્રતિવાદી નં.૧ તરફથી મુખ્યત્વે એવી તકરાર લેવામાં આવેલી છે કે, દાવાવાળી મિલ્કત વડીલોપાર્જીત મિલકત નથી. દાવાવાળી મિલ્કત ગુજરનાર મોહનલાલ રામરતનસીંગ સૈનીએ તેમની હયાતીમાં તા.૨૮/૧/૨૦૦૬ નાં રોજ વસીયતનામાથી પ્રતિવાદી નં.૧ ના લાભમાં કરી આપેલ અને તેને નોટરી સમક્ષ નોટરાઈઝ પણ કરેલ છે.તા.૭/૪/૨૦૧૨ નાં રોજ મોહનલાલ રામરતનસીંગ સૈની ગુજરી ગયેલા અને તે વીલનાં આધારે પ્રતિવાદી તે વીલનાં આધારે તે મિલ્કત

તબદીલ કરવા સી.સ. ઓફીસમાં અરજી આપતાં વાદીઓ ખોટી રીતે વાંધા લીધેલા. પ્રતિવાદી નં.૧ નાએ મોહનલાલ રામરતનસીંગ સૈની તબીયત સારી રહેતી ના હોઈ તેમની સેવાચાકરી પણ કરેલી છે. અને તમામ સામાજીક કામ પ્રતિવાદી નં.૧ નાએ કરેલ છે. મર્હુમ મોહનલાલ રામરતનસીંગ સૈનીની દાવાવાળી મિલ્કત સ્વપાર્જીત મિલ્કત હતી તેથી તેઓ વીલ કરવા માટે કાયદેસર હકકદાર હતાં. તે વીલના આધારે પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કતનાં કબજેદાર બનેલા હોઈ, અને વાદીઓએ ખોટી રીતે વીલ ઉભુ કરેલ હોઈ, તેથી દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવાં અરજ કરેલ છે.

(૪) પ્રતિવાદી નં.ર સી.સી.સુપ્રિન્ટેન્ડન્ટશ્રી તરફથી આંક–૧૯ થી દાવાનાં કામે ફોર્મલ જવાબ રજુ કરવામાં આવેલો છે. અને આંક–ર૩ થી સહપ્ર તિવાદી નં.૩,૪ તરફથી વાદીઓને સપોર્ટ કરતો જવાબ રજુ કરવામાં આવેલો છે.

(પ) આ કામે દાવા અરજી તથા મનાઈ અરજી તથા રજુ થયેલા જવાબની હકીકતો ધ્યાને લેતા અને રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા અને બન્ને પક્ષનાં વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતા, આ મનાઈ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

## મુદ્દાઓઃ–

(૧) શું વાદીઓ પોતાનો પ્રથમ દર્શનીય કેસ સાબીત કરે છે?

(ર) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓની તરફેણમાં છે?

(૩) શું વાદીઓ સાબીત કરે છે કે મનાઈ હુકમ ના આપવાથી તેમને નાણાંથી ભરપાઈના થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નંબર. ૧. અંશતઃ હકારમાં

મુદ્દા નંબર. ર. અંશતઃ હકારમાં

મુદ્દા નંબર. ૩. અંશતઃ હકારમાં

મુદ્દા નંબર. ૪. આખરી હુકમ મુજબ.

## —:કારણોઃ—

**મુદ્દા નંબર—૧ થી ૩ઃ—**

(૭) આ કામે વાદીઓનાં વિ.વ. શ્રી બી.કે.આચાર્ય અને મુખ્ય કોન્ટેસ્ટેડ પ્રતિવાદી નં.૧ નાં વિ.વ.શ્રી આર.એમ.મોઢ તરફથી નિખાલસ પણે એવી એવી દલીલ કરેલી છે કે, આ કામે દાવાવાળી મિલ્કત સંબંધે પ્રતિવાદી નં.૧ ગીતાબેન દેવાનંદભાઈએ હાલનાં વાદીઓ નિરુપમાબેન રામેશ્વરદયાલ અને સૈની દિલીપભાઈ મોહનલાલ વિરુધ્ધ રે.દિ.મું નં.૯૦/૧૩ થી દાવો તથા મનાઈ અરજી દાખલ કરેલી છે. અને બન્ને દાવાનાં કામે દાવાવાળી મિલ્કત માટે સામ સામે દાવા થયેલા છે. દાવાવાળી મિલ્કતનો કબજો ભોગવટો હાલ પ્રતિવાદી નં.૧ ગીતાબેન દેવાનંદભાઈ પાસે છે. અને વાદી નિરુપાબેન રામેશ્વરદયાલ સૈની અને સૈની દિલીપભાઈ મોહનલાલે દાવાવાળી મિલ્કતમાં હકરત, અટકાયત અંતરાય કરશે નહી તેવી મૌખિક બાહેંધરી આપેલી છે. તેજ રીતે પ્રતિવાદી ગીતાબેન દેવાનંદભાઈએ કહેવાત વીલનાં આધારે દાવાવાળી મિલ્કત અન્ય કોઈને તબદીલ કરશે કે વેચશે નહી તેવી મૌખિક બાહેંધરી આપેલી છે. અને તેવા સંજોગોમાં દાવાવાળી મિલ્કતની યથાવત પરીસ્થિતી જાળવી રાખવામાં આવે તો બન્ને પક્ષોને વાંધો તકરાર નથી.

(૮) આ કામે મનાઈ અરજીની હકીકતો, જવાબની હકીકતો અને બન્ને પક્ષનાં વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે, આ કામે સી.સ.નં.૯૨,૯૩ ની મિલ્કત મર્હુમ મોહનલાલ રામરતનસીંગ સૈનીનાં નામે ચાલતી હોવાનું ફલીત થાય છે અને આ મિલ્કત વડીલોપાર્જીત હતી કે સ્વતાર્જીત હતી તે સંબંધે પુરાવો રેકર્ડ કરવો જરુરી છે અને આ કામનાં વાદી તરફથી રે.દિ.મું. ૯૦/૧૩ ના કામે મર્હુ મોહનલાલ રામરતનસીંગ સૈની નાં કહેવાતાં વીલને ચેલેન્જ કરવામાં આવેલ છે. વાદીઓએ નિખાલસ

પણે એ હકીકત કબુલ કરેલી છે કે, દાવાવાળી મિલ્કત હાલ પ્રતિવાદી નં.૧ નાં કબજામાં છે. અને પ્રતિવાદી પણ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, દાવાવાળી મિલ્કત ચાલુ દાવાના કામે કોઈને વીલનાં આધારે વેચાણ કરવાનાં નથી આમ બન્ને પક્ષનોની ઉપરોકત રજુઆતો જોતા દાવાવાળી મિલ્કતની દાવા ચાલતા સુધી યથાવત પરીસ્થિતી જાળવી રાખવામાં આવે તો તે ન્યાયિક અને ઈચ્છનીય છે. અને તેથી મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય અંશતઃ હકારમાં ઠરાવું છું. અને મુદ્દા નં.૪ નો આખરી હુકમ નીચે મુજબ કરુ છું.

## આખરી હુકમ

વાદીની આંક–૫ ની કામ ચલાઉ મનાઈ અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

આથી બન્ને પક્ષકારોને આદેશ કરવામાં આવે છે કે, દાવાવાળી મિલ્કતની દાવા તારીખની યથાવત પરીસ્થિતિ દાવાનાં આખરી નિકાલ સુધી જાળવી રાખવી.

મનાઈ અરજીનો ખર્ચ દાવા નાં આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ  આજ રોજ તા.૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૧૪ નાં રોજખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(મહંમદસિરાજ લાડલેબસાબ શેખ)
એડી.સીવીલ જજ જયુ.મેજી.ફ.ક.
પાલનપુર
(કોડ નં.જી.જે.૦૦૭૪૩)